ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ઉદયકુમાર બ્રહ્મભટ્ટ
સહમંત્રી, બ્રહ્મભટ્ટ સમાજ, ગાંધીનગર (૩૦-૧૦-૧૯૫૮)
મો. ૯૯૭૮૪ ૦૫૧૪૫



શિવાંગી મનિષભાઈ ઠક્કર
(૩૦-૧૦-૧૯૯૦) મો. ૭૭૭૯૦ ૫૪૧૬૨
ફોન : ૨૩૨૨૯૭૦૨



નિપુલ ઠાકર
(૩૦-૧૦-૧૯૬૨) મો. ૯૯૭૮૪ ૦૭૧૩૦



બી જે શાહ
ઉપપ્રમુખ, ગાંધીનગર ખડાયતા સમાજ (૩૦-૧૦-૧૯૪૬)



દક્ષ જિજ્ઞેશભાઈ પ્રજાપતિ
(૩૦-૧૦-૨૦૦૯) મો. ૭૦૪૧૦ ૯૨૦૬૩

# 'સરદાર'ની જન્મજયંતિની ઉજવણીની તૈયારી





૩૧મી ઑક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે ઘ-૪ પાસે એમની વિશાળકાય પ્રતિમાનું અનાવરણ તો કરવામાં આવશે જ, પરંતુ આ પ્રસંગે ગાંધીનગર શહેરની સ્કૂલ્સના વિદ્યાર્થીઓને સાંકળીને એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત થવા જઈ રહ્યો છે. ઍમ બી પટેલ હાઈસ્કૂલ, વસંતકુંવરબા વિદ્યાલય, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ દ્વારા સમૂહગીત, સમૂહનૃત્ય, સરદાર પટેલ વિશે વક્તવ્યો અને એમનાં જીવન પ્રસંગો આધારિત નાટક પણ પ્રસ્તુત કરવામાં આવશે. ગુરુવારે વહેલી સવારથી વિદ્યાર્થીઓએ ઉજવણીના સ્થળે રિહર્સલ્સનો આરંભ કર્યો હતો અને ત્રણેક કલાક આ રિહર્સલ્સ ચાલ્યાં હતાં. અલબત્ત, રાજ્ય સરકાર દ્વારા કાર્યક્રમ અંગે કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી પરંતુ ઉજવણીના સ્થળે ચર્ચાતી વાતો અનુસાર અનુસાર ૩૧મી તારીખે ગાંધીનગર શહેરમાં વિદ્યાર્થીઓની એક વિશાળ રેલી પણ યોજવામાં આવી છે, જે ત્રણેક કિમી જેટલો રસ્તો કાપશે અને ત્યારબાદ આ રેલી ઉજવણીના સ્થળે પહોંચશે, જ્યાં સરદારની પ્રતિમાનું અનાવરણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે અને આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલો સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# સાયકલીંગની સાથે ફોટોગ્રાફી : બૅરફૂટ ફોટો વૉકર્સનો નવો પ્રયાસ





ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરનું જાણીતું ગ્રૃપ જે ફોટોગ્રાફીમાં રસ ધરાવતા તમામ લોકોને આમંત્રિત કરી વિવિધ જગ્યાઓની ફોટોગ્રાફી કરતુ આવ્યું છે, હવે એક નવો પ્રયાસ કરી રહ્યું છે. ગયા રવિવારે આજ ગૃપના કેટલાક ફોટોગ્રાફી ઉત્સાહી ગાંધીનગરના કંથારપુરમાં આવેલા ભવ્ય વડની મુલાકાત લઈ કેટલાક ફોટા પાડ્યા અને સાયકલીંગ ની મજા લુંટી.

બેરફૂટ ફોટો વોકર્સ છેલ્લા ત્રણ વર્ષથી 'જોયેલું છતાં અજાણ્યું' થીમ ઉપર ફોટોગ્રાફી કરી રહ્યું હતું, આ દરમ્યન ૩ ફોટો પ્રદર્શન પણ યોજાયા. હવે માત્ર ફોટો વોકથી આગળ જઈ ગૃપના સદસ્યોએ નક્કી કર્યું છે કે દર મહીને કે રવિવારે ગાંધીનગરની આસ પાસના જોવાલાયક સ્થળોની મુલાકાત લેવી, ફોટોગ્રાફી કરવી અને ફોટોગ્રાફીમાં નવું શીખવા મળે તેવી વાતો કરવી.

આ ઉપરાંત ફોટોગ્રાફીના અનુભવને ફિલ્ડમાં રહી, કેમેરા સાથે એક બીજા સાથે શેર કરવો. આખી પ્રવૃત્તિમાં એક નવીનતા ઉમેરવા, ઈચ્છુક સભ્યો સાઈકલ લઈ નક્કી કરેલ સ્થળ સુધી પહોંચશે, "આમ ફોટોગ્રાફી સાથે, સાયકલીંગ દ્વારા ઘણા લોકોને સાયકલીંગ કરવા પ્રોત્સાહન મળશે કારણકે તે તંદુરસ્તી માટે તો ખુબ જ સારી કસરત છે જ પરંતુ આસપાસના વિસ્તારને સારી રીતે નિહાળવા માટે પણ ખૂબ મદદ રૂપ બને છે," એમ તાજેતરમાં હિમાલયનો સાયકલીંગ પ્રવાસ ખેડી આવેલા આલોક બ્રહ્મભટ્ટે જણાવ્યું.

ગત રવિવારના ફોટોગ્રાફી આઉટીંગમાં ગાંધીનગરના કેદાર થાનકી, દેવાંશ ત્રિવેદી, અર્પણ પંડ્યા, ધ્યાન ત્રિવેદી અને ચિંતામણી જોગલેકરે ભાગ લીધો હતો. કેટલાક સભ્યોએ ફોટોગ્રાફીની સાથે કંથારપુર સુધી સાયકલીંગની પણ મજા લીધી હતી. ગૃપના સૌથી જુના અને વરીષ્ટ સભ્ય કેદાર થાનકી(૪૬ વર્ષ)એ કહ્યું, "મારા માટે સાયકલીંગ સાથે ફોટોગ્રાફી સૌથી પહેલો અનુભવ હતો, પરંતુ સૌથી યાદગાર અને અલગ હતો." કુલ ૬૨ કિલોમીટર સાયકલીંગ કરી સભ્યો પરત ફર્યા હતા.




સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પ્રસંગે ગાંધીનગરમાં આયોજિત કાર્યક્રમના પોસ્ટર્સ શહેરનાં જાણીતાં સ્થળોએ લાગી ગયાં છે, જેમાં જણાવ્યા અનુસાર કેવડીયા કૉલોની, સાધુબેટ પર નિર્માણ થનાર સ્ટેચ્યુ ઑફ યુનિટીની પ્રતિકૃતિની સ્થાપનાનો કાર્યક્રમ ૩૧ ઑક્ટોબરના રોજ સવારે ૭થી ૮.૩૦ દરમ્યાન સ્વર્ણિમ પાર્ક, ઘ-૪ ખાતે યોજવામાં આવ્યો છે. આ જ દિવસે સાંજે ૬.૪૫થી ૮ અને ૮થી ૮.૩૦ દરમ્યાન અહીં એક લાઈટ ઍન્ડ સાઉન્ડ શોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
શાનદાર
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
શાનદાર
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫

**સ્ક્રીન-૩**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૧૫
તલવાર
૧.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૩.૪૫
૧૦ ઈન્દ્રાધુકુલ્લા (તમિલ)
૬.૪૫
શાનદાર
૯.૪૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧૧.૦૦
પ્યાર કા પંચનામા-૨
૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

# શનિવારે 'પર્યાવરણ દર્શન' હેઠળ કૅમેરા-દશ્યોની વાસ્તવિક સમજ

ગાંધીનગર, તા. ૨૯

દૂરદર્શન- અમદાવાદની ડીડી,ગીરનાર ચેનલ મારફતે 'પર્યાવરણ દર્શન' સ્લોટ હેઠળ રસપ્રદ અલગ અલગ કાર્યક્રમો ઓલ-ઈન્ડિયા સ્તરે પ્રસારીત કરવામાં આવે છે.

આગામી તારીખ ૩૧.૧૦.૨૦૧૫ને શનિવારના રોજ પ્રકૃતિના પરિપ્રેક્ષમાં વન, વન્યજીવ અને ફોટોગ્રાફી વિષયક, માત્ર કૅમેરાની ક્લિક જ નહીં, પરંતુ તેની આંખે કંડારાતા દશ્યોની વાસ્તવિક સમજની ચર્ચામાં રાજકોટના ભવ્યા જોષી અને વિપુલ રામાનુજ સાથે અમદાવાદના મનોજ ધોળકીયા તજ્જ્ઞ તરીકે માહિતીસભર પ્રસારણ થશે. તા.૧.૧૧.૨૦૧૫ને રવિવારના રોજ ડીડીગીરનાર મારફતે આ કાર્યક્રમનું પુનઃ પ્રસારણ કરવામાં આવશે. આ કાર્યક્રમનો પર્યાવરણ પ્રેમીઓ તથા રસ ધરાવતા ફોટોગ્રાફર્સને લાભ લેવા પ્રોગ્રામ એક્ઝિક્યૂટ તેજલબેન શાહ દ્વારા જાણ કરવામાં આવી છે.

# યમરાજ પાસેથી પતિને ઝૂંટવી લેતી પત્નીની ગૌરવગાથા : કડવા ચોથ

હિન્દી ફિલ્મોએ જેને એક મહત્ત્વના પર્વ તરીકે પ્રચલિત કર્યો છે એવો પર્વ 'કડવા ચોથ' આજે છે.

મુખ્યત્વે આ વ્રત પરિણીત સ્ત્રીઓ પોતાના પતિની રક્ષા કાજે કરે છે. કારતક સુદ ચોથના દિવસે ઉજવાતા આ પર્વ સાથે ચાર કથાઓ જોડાયેલી છે.

પહેલી : એક શાહૂકારને સાત દીકરા અને એક દીકરી હતી. શેઠાણી સહિત એની વહુઓ અને દીકરીએ પણ કડવા ચોથનું વ્રત કર્યું હતું. રાત્રીના સમયે શાહૂકારના દીકરા ભોજન કરવા બેઠા ત્યારે એમણે પોતાની બહેનને પણ ભોજન માટે પૂછ્યું. તો બહેને કહ્યું, 'ભાઈ, હજુ તો ચંદ્ર ઉગ્યો નથી. ઉગશે એટલે એને અર્ધ્ય આપીને ભોજન કરીશ.'

આ સાંભળીને ભાઈઓ નગરની બહાર ગયા અને અગ્નિ પ્રજ્વલિત કર્યો. ચાળણીમાંથી એનો પ્રકાશ બહેનને બતાવીને કહ્યું, 'બહેન ચંદ્ર ઉગી ગયો છે, હવે એને અર્ધ્ય આપીને ભોજન લઈ લે.'

બહેને પોતાની ભાભીઓને કહ્યું, 'આવો. તમે પણ ચંદ્રને અર્ધ્ય આપી દો.' પરંતુ ભાભીઓ તો સાચી વાત જાણતી હતી. એમણે કહ્યું, હજુ ચંદ્ર ઉગ્યો નથી. તમારા ભાઈ તમને ખોટું કહીને ચાળણીમાંથી ચંદ્રનો પ્રકાશ બતાવી રહ્યા છે. પરંતુ, બહેને ભાભીઓની વાત પર ધ્યાન ન આપ્યું ને ભાઈઓ દ્વારા દર્શાવવામાં આવેલા પ્રકાશને જ ચંદ્ર માનીને અર્ધ્ય આપીને ભોજન કરી લીધું.

પરંતુ, આ પ્રકારે વ્રતનો ભંગ કરવાથી ગણેશજી અપ્રસન્ન થયા. બહેનનો પતિ સખ્ત બિમાર થઈ ગયો અને ઘરમાં જે કંઈ સંપત્તિ હતી તે એના ઈલાજ પાછળ ખર્ચાઈ ગઈ. જ્યારે તેને પોતાની ભૂલનો અહેસાસ થયો ત્યારે તેણે પશ્ચાતાપ કર્યો અને ગણેજીને પ્રાર્થના કરતાં વિધિ-વિધાનથી પુનઃ ચતુર્થીના વ્રતનો શ્રદ્ધાપૂર્વક આરંભ કર્યો.

એ પછી ગણેશજી એના પર પ્રસન્ન થયા અને એના પતિને જીવનદાન આપીને સ્વસ્થ આરોગ્ય આપ્યું અને ધન-સંપત્તિવાન પણ બનાવી દીધો.

આ પ્રમાણે જે કોઈ વ્યક્તિ છળ-કપટનો ત્યાગ કરીને શ્રદ્ધા-ભક્તિથી ચતુર્થીનું વ્રત કરે છે એ સર્વ પ્રકારના સુખો પામે છે અને ક્લેશથી પણ મુક્ત થાય છે એવો આ વ્રતનો મહિમા છે.

આ વ્રત સૌપ્રથમ શંકર દ્વારા પાર્વતીને અને એ પછી કૃષ્ણ દ્વારા અર્જુનના વિરહમાં ચિંતાગ્રસ્ત દ્રૌપદીને સૂચવવામાં આવ્યું હતું.

બીજી : એક અંધ ગરીબ વૃધ્ધાએ પોતાની પૂજાથી પ્રસન્ન થયેલા ગણેશજી પાસે 'નવ કરોડની માયા, નિરોગી કાયા, અમર સુહાગ, આંખોમાં પ્રકાશ, પૌત્ર, સમસ્ત પરિવારનું સુખ અને મોક્ષ' માગી લીધું હતું. ગણેશજીએ વૃધ્ધાને આ બધું આપ્યું પણ ખરું.

જેમ ગણેશજીએ આ વૃધ્ધાની બધી મનોકામના પૂર્ણ કરી તેમ કડવા ચોથનું વ્રત કરનારની પણ બધી મનોકામના પૂર્ણ થાય છે અને ગણેશજી એમને પણ વૃધ્ધાને આપ્યા તેવાં વરદાન આપે છે એવી માન્યતા આપણે ત્યાં છે.

ત્રીજી : કડવા (હિન્દી કથા પ્રમાણે કરવા) નામની એક સ્ત્રીએ મગરના મોઢામાં આવી ગયેલા પોતાના પતિને બચાવવા માટે




યમરાજને શ્રાપ આપવાની ધમકી આપી હતી અને યમરાજ પાસેથી પોતાના પતિને પાછો ખેંચી લાવી હતી. એ રીતે પતિની દીર્ઘાયુ માટે પણ આ વ્રતનો મહિમા છે.

ચોથી : બ્રાહ્મણની પરિણીત પુત્રી વીરવતીની કથા પણ આના જેવી જ છે, જેમાં બહેનને ભૂખ સહન ન થતાં વીરવતીના ભાઈઓ ઝાડ પાછળ આતશબાજી કરી ચંદ્રનો ભ્રમ ઉભો કરે છે અને વીરવતીને ભોજન કરાવી લે છે. એ વ્રતભંગને કારણે વીરવતીનો પતિ અદૃશ્ય થઈ જાય છે અને વીરવતી સતત બાર મહિના સુધી વ્રત કરીને પતિનો પાછો મેળવીને જંપે છે. અહીં પણ પોતાના પતિની રક્ષા માટે કંઈપણ કરી શકતી પત્નીનો ભાવ વ્રત પાછળ છૂપાયેલો છે.

કડવા ચોથનું વ્રત ૧૨ વર્ષથી માંડીને ૧૬ વર્ષ સુધી રાખવામાં આવે છે અને ત્યારબાદ તેની ઉજવણી કરવામાં આવે છે. કડવા ચોથની ઉજવણી સાથે સાસુના ચરણ સ્પર્શ કરી એમને નવાં વસ્ત્રો આપવાની, તેર બ્રાહ્મણોને ભરપેટ ભોજન કરાવવાની, દક્ષિણા આપવાની અને ચાંદલો લગાવીને એમને વિદાય કરવાની પરંપરા જોડાયેલી છે.

આમ તો આ પર્વ મુખ્યત્વે પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ઉજવવાની પરંપરા છે, પરંતુ હિન્દી ફિલ્મો અને ટીવી સિરીયલ્સના પ્રતાપે હવે એ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંય ભાવપૂર્વક ઉજવવામાં આવે છે.

આમ તો ચોથ માતાનાં મંદિરો ભારતમાં ઘણાં સ્થાને છે, પરંતુ સૌથી મોટું મંદિર રાજસ્થાનના સવાઈ માધોપુર જિલ્લામાં 'ચોથ કા બરવાડા' ગામમાં સ્થિત છે. ચોથ દેવીના મંદિરને કારણે જ આ ગામનું નામ 'ચોથ કા બરવાડા' પડ્યું છે. મહારાજા ભીમસિંહ ચૌહાણે આ મંદિરની સ્થાપના કરી હતી.

આમ તો કડવા ચોથ ઘણી હિન્દી ફિલ્મોમાં દર્શાવાઈ છે, પરંતુ કડવા ચોથનું સૌથી સુંદર ઉદાહરણ 'બાગબાન' ફિલ્મમાં અમિતાભના માધ્યમથી દર્શાવાયું છે, જેમાં પત્ની દ્વારા તો પતિની રક્ષા માટે આ વ્રત રાખવામાં આવે જ છે પરંતુ પતિ દ્વારા પણ પત્નીના આ સમર્પણને સાથ આપવા માટે કડવા ચોથનું વ્રત રાખવામાં આવે છે !

વર્ષો પછી કડવા ચોથ પ્રસંગે પોતાનાથી દૂર બેઠેલી પત્ની માટે પતિના શબ્દો પણ કેવા અફલાતૂન ! 'મૈં યહાં તુ વહાં, જિંદગી હૈ કહાં ?'





# રાંધેજા શ્રેષ્ઠ કન્યા શાળા ખાતે શિક્ષક વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

રાંધેજા શ્રેષ્ઠ કન્યા શાળાનાં શિક્ષક રમીલાબેન હીરાલાલ સોલંકી વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ શાળામાં આયોજિત કરવામાં આવ્યો હતો.

આ સમારોહમાં શાળાનો સમગ્ર સ્ટાફ, ઍસએમસીના સભ્યો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર તરફથી રમીલાબેનને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

# એમ બી પટેલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓનો શૈક્ષણિક પ્રવાસ



ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૭ અને ૮ની ૧૦૩ વિદ્યાર્થીનીઓ ૧૦ શિક્ષકો સાથે સાપુતારા, સરદાર સરોવર બંધના શૈક્ષણિક પ્રવાસે તાજેતરમાં ગઈ હતી.

સાપુતારા ખાતે કુદરતી સૌંદર્યથી સભર દશ્યો - સનસૅટ પૉઈન્ટ, ગીરા ધોધ, બૉટનીકલ ગાર્ડન, મધ ઉછેર કેન્દ્ર વગેરે સ્થળો તથા ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ - કેવડીયા કૉલોની ખાતે ડૅમ સાઈટ, જળવિદ્યુત મથક તથા સ્ટેચ્યુ ઑફ યુનિટીની વિશિષ્ટ માહિતી અને ચાલુ કાર્યક્ષેત્ર જોઈ વિદ્યાર્થીનીઓ પ્રભાવિત થઈ હતી.

પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીનીઓએ જ્ઞાન સાથે ગમ્મતની મજા માણી હતી.